# ૧. પ્રસ્તાવના

૧.૧ ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ (ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એક્ટ-૨૦૦૯) ની કલમ ૩ અને ૪ હેઠળ ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃ જીએચયુ-૧૪/ એસઆઈઆર/ ૧૧૨૦૦૯/ ૨૫૩/ (I)(I) તા.૨૨/ ૫/ ૨૦૧૨ થી ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ (ડીએસઆઈઆર) જાહેર કરેલ છે. ભારત દેશમાં આ પ્રકારનો સર્વ પ્રથમ ખાસ મૂડીરોકાણ પ્રદેશ છે. ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯, સને ૨૦૦૯ના જાન્યુઆરી મહિનાની ૬ઠ્ઠી તારીખે અમલમાં આવ્યો અને જે ગુજરાત રાજયમાં ખાસ મૂડીરોકાણ પ્રદેશોને કાયદાકીય દરજ્જો આપે છે અને જેનો હેતુ ગુજરાત રાજ્યમાં વિશાળ કદના મૂડીરોકાણ પ્રદેશો અને ઔધોગિક વિસ્તારોની સ્થાપના, સંચાલન, નિયમન અને વ્યવસ્થાપન માટે અને વૈશ્વિક કક્ષાના આંતરમાળખા, ઉચ્ચ કક્ષાની નાગરિક સુખસુવિધાઓ, ગુણોત્કર્ષ કેન્દ્રો અને અગ્રીમ નીતિ સંરચનાની સહાયથી તેમને આર્થિક પ્રવૃતિના વૈશ્વિક કેન્દ્રો તરીકે વિશેષ રૂપે વિકસાવવા માટે અને તે હેતુસર સંસ્થાકિય માળખુ ઉભુ કરવા માટે અથવા તેની સાથે સંકળાયેલી અથવા આનુષંગિક બાબતો માટે જોગવાઇ કરવા બાબત અંગેનું છે.

૧.૨ ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ (ડીએસઆઈઆર) અમદાવાદથી આશરે ૧૦૦ કિમી અને ગાંધીનગરથી આશરે ૧૩૦ કિમી દુર ખુલ્લી જમીનના પટ્ટા પર નવો વિશાળ ઔદ્યોગિક મથક બનશે. ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર (ડીએફસી) રેલવે લાઈન પર ઔધોગિક વિકાસના સમાંતર વિસ્તારનું નિર્માણ કરવા માટેના ભારત અને જાપાન સરકારોના સંયુક્ત પ્રયાસથી સુચિત દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કોરિડોર પ્રોજેક્ટ (ડીએમઆઈસી) દ્વારા માન્ય થયેલ ડીએસઆઈઆર પહેલો ખાસ મૂડીરોકાણ પ્રદેશ છે.

૧.3 ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળમાં આશરે ૯૨૦ ચોરસ કિલોમીટર જેટલા જમીન વિસ્તારને આવરી લેવામાં આવેલ છે અને તેમાં ધંધુકા તાલુકાનાં ૧૯ ગામો અને બરવાળા તાલુકાનાં ૩ ગામો મળીને અમદાવાદ જિલ્લાનાં કુલ ૨૨ ગામોનો સમાવેશ થાય છે અને તે રીતે ડીએમઆઈસીની અસર હેઠળના પ્રસ્તાવિત થયેલા મૂડીરોકાણના બિંદુઓમાં (નોડસમાં) સૌથી મોટું બિંદુ (નોડ) છે. પ્રકલ્પનું સ્થળ વ્યૂહાત્મક રીતે

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગરના મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રોની વચ્ચે આવેલું છે તે રાજયના ધોરીમાર્ગો દ્વારા ગુજરાતના બંદરો સાથે જોડાયેલું છે પરંતુ હજુ સુધી સીધું રેલવે જોડાણ નથી. તેની સૌથી નજીકનું આંતરરાષ્ટ્રીય વિમાનમથક અમદાવાદ છે. જોકે, ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશની ઉત્તરપૂર્વમાં, નવાગામ પાસે, એક નવું આંતરરાષ્ટ્રીય વિમાનમથક વિકસાવવાની એક દરખાસ્ત તૈયાર કરાયેલ છે.

૧.૪ ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશમાં હાલની વસ્તી આશરે ૩૭,૦૦૦ (વસ્તી ગણતરી ૨૦૦૧) જેટલી છે અને આ વસ્તી ગ્રામ્ય વસાહતોમાં રહે છે. આ વિસ્તારમાં મુખ્ય પ્રવૃત્તિ અને જમીનનો ઉપયોગ મુખ્યત્વે ખેતીવાડી માટે થાય છે પરંતુ જમીન સામાન્ય રીતે નબળી ગુણવત્તાની અને ક્ષારયુક્ત છે ખાસ કરીને સમુદ્રની નજીક આ વિસ્તારમાં કૃષિ ઉત્પાદન ઊચું નથી. આથી અહીં જમીનનું મૂલ્ય સાપેક્ષ રીતે નીચું છે.

૧.૫ ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઇઓ હેઠળ ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચયુ/ ૧૦/ ૦૭/ એસઆઈઆર/ ૧૧૨૦૧૦/ ૮૧૪૫૦/ I તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૦ થી ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળ (ડીએસઆઈઆરડીએ)ની રચના કરવામાં આવેલ છે.

ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯ ની કલમ-૫ ની જોગવાઇઓ અનુસાર ગુજરાત માળખાકિય વિકાસ અધિનિયમ-૧૯૯૯ ની કલમ-૧૭ હેઠળ સ્થપાયેલા ગુજરાત માળખાકિય વિકાસ બોર્ડ (જીઆઇડીબી)ને, ખાસ મૂડીરોકાણ પ્રદેશ સર્વોચ્ચ સત્તામંડળ તરીકે જાહેર કરવામાં આવેલ છે અને મુકરર કરવામાં આવેલ છે.

૨. ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળમાં નીચે જણાવેલા સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

| ક્રમ | નામ અને હોદ્દો | સત્તામંડળમાં સ્થાન |
|---|---|---|
| (૧) | અગ્ર સચિવશ્રી,<br>ઉદ્યોગ અને ખાણ વિભાગ | અધ્યક્ષ |
| (૨) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી<br>ગુજરાત માળખાકીય વિકાસ બોર્ડ, (જી.આઈ.ડી.બી.) | સભ્ય |
| (૩) | ઉદ્યોગ કમિશનરશ્રી | સભ્ય |
| (૪) | કલેક્ટરશ્રી, અમદાવાદ | સભ્ય |
| (૫) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમદાવાદ | સભ્ય |
| (૬) | ડાયરેક્ટરશ્રી, સ્કૂલ ઓફ પ્લાનિંગ,<br>સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી (સી.ઈ.પી.ટી.), અમદાવાદ | સભ્ય |
| (૭) | શ્રી યુ. એસ. મહેતા, (નિવૃત્ત ટાઉન પ્લાનર) | સભ્ય |
| (૮) | પ્રમુખશ્રી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ | સભ્ય |
| (૯) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળ | સભ્ય સચિવ |

## 3. ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળની સત્તા અને કાર્યોઃ ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯ ની કલમ ૧૫ ની જોગવાઇઓ અનુસાર.

(૧) પ્રાદેશિક વિકાસ સત્તામંડળે ખાસ મૂડીરોકાણ પ્રદેશનો સુનિયોજીત વિકાસ સુનિશ્ચિત કરવો જોઇશે અને સામાન્ય સુખાકારી, સુવિધા,ઉત્પાદકતા અને ઉત્કૃષ્ટતા (શ્રેષ્ઠતા) લાવી શકાય અને તેમાં વૃધ્ધિ કરી શકાય તે હેતુથી તેના અસરકારક નિયમન અને કાર્યક્ષમ વ્યવસ્થાપન માટે પગલા લેવા જોઇશે.

(૨) પ્રાદેશિક વિકાસ સત્તામંડળ, પુર્વવર્તી જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, ખાસ મૂડી રોકાણ પ્રદેશની જમીનના સંસાધન અને આંતરમાળખાના વ્યવસ્થાપન અને આયોજન હાથ ધરી શકશે.

(૩) પ્રાદેશિક વિકાસ સત્તામંડળ, ખાસ કરીને નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો બજાવશેઃ-

(૧) પોતે યોગ્ય ગણે તેવી આર્થિક પ્રવૃતિઓ, સુખસુવિધાઓ અને સાર્વજનીક સેવાઓ સહિતના વિવિધ હેતુઓ અને ઉપયોગો માટે ખાસ મૂડીરોકાણ પ્રદેશના વિસ્તારને વર્ગીકૃત કરવા અને તેને અલગ રાખવા,

(૨) ખાસ મૂડીરોકાણ પ્રદેશના વિસ્તારના સંપુર્ણતઃ અથવા અંશતઃ ભાગ માટે વિકાસ યોજના તૈયાર કરવી,

(૩) ખાસ મૂડીરોકાણ પ્રદેશના સંપુર્ણતઃ અથવા અંશતઃ ભાગ માટે નગર રચના યોજનાને તૈયાર કરવી અને તેનો અમલ કરવો,

(૪) ખાસ મૂડીરોકાણ પ્રદેશના ઘેરાવાના વિસ્તારના વિકાસનું નિયમન કરવું,

(૫) આ સંબંધમાં રાજ્ય સરકારના સામાન્ય અથવા ખાસ આદેશોને અધીન રહીને, પોતે જરૂરી ગણે તેવી રીતે જંગમ અથવા સ્થાવર મિલ્કત સંપાદિત કરવી, તે ધરાવવી અને તેનો વહીવટ કરવો,

(૬) વેચાણ, ભાડાપેટે, ગ્રાન્ટ(અનુદાન), ફાળવણી, દાન, નગર રચના યોજના, સંમતિ કબુલાતનામાથી અથવા આ અધિનિયમના હેતુઓ માટે જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ હેઠળની કાર્યવાહિ મારફત ખાસ મૂડીરોકાણ પ્રદેશની હદમાં જમીન સંપાદિત કરવી,

(૭) સર્વોચ્ચ સત્તામંડળે કરેલા વિનિયમોને અધીન રહીને, તેની માલિકીની કોઇપણ જમીન અથવા મકાન વેચવી, ભાડાપેટે આપવી, તબદીલ કરવી અથવા તેનો નિકાલ કરવો,

(૮) વિકાસ યોજનાઓ અને નગર રચના યોજનાઓ તૈયાર કરવા માટે ખાસ મૂડીરોકાણ પ્રદેશમાં મોજણીઓ કરવી,

(૯) ખાસ મૂડીરોકાણ પ્રદેશમાં, માળખાના બાંધકામો, આંતરમાળખા વિકાસ અને અન્ય બાંધકામની પ્રવૃતિઓ માટે માપદંડો અને ધોરણો તૈયાર કરવા, આદેશો બહાર પાડવા અને તેનો અમલ કરવો,

(૧૦) પોતાના કાર્યો બજાવવા માટે પોતાને જરૂરી લાગે તેવી કોઇ વ્યકિત, ઘટક, વિકાસકાર અથવા સંગઠન સાથે કરારો, કબુલાતનામા અથવા કન્સેશન કરારનામા કરવા,

(૧૧) ખાસ મૂડીરોકાણ પ્રદેશમાં આંતરમાળખા અથવા અન્ય સેવાઓ અને સુખસુવિધાની જોગવાઇના સંબંધમાં કાર્યનો અમલ કરવો, તેનું સંકલન કરવું અને તેની દેખરેખ રાખવી,

(૧૨) ખાસ મૂડીરોકાણ પ્રદેશમાં આપત્તિ વ્યવસ્થાપન અને આપત્તિ શમન માટેની જોગવાઇ કરવી,

(૧૩) કલમ-૬ ની પેટા કલમ (૨) ના ખંડ (૭) હેઠળ સર્વોચ્ચ સત્તામંડળ ધ્વારા નક્કી કરવામાં આવે તેવી અને ઠરાવવામાં આવે તેટલી ફી, વિકાસ ખર્ચ અથવા વપરાશકાર ચાર્જ લેવો અને વસુલ કરવો,

(૧૪) યોગ્ય રીતે અધિકૃત ન થયેલા હોય તેવા અથવા પ્રાદેશિક વિકાસ સત્તામંડળે ઘડેલા વિનિયમો, આદેશો અને ધારાધોરણનો ભંગ કરીને કરેલા દબાણો અને બાંધકામો દુર કરવા,

(૧૫) ખાસ મૂડીરોકાણ પ્રદેશની અંદર સલામતી, વ્યવસ્થા, આરોગ્ય અને પર્યાવરણીય સલામતીના પાલન અને તેને ઉત્તેજન આપવા માટેની વ્યવસ્થા કરવી,

(૧૬) ખાસ મૂડીરોકાણ પ્રદેશની જમીનના આયોજન અને ઉપયોગ અને તેના વિકાસને લગતી બાબતમાં ખાસ મૂડીરોકાણ પ્રદેશમાં કામ કરતા અન્ય સત્તામંડળોને માર્ગદર્શન આપવુ, મદદ કરવી અને તેમની સાથે સંકલન કરવુ,

(૧૭) વિકાસ યોજના અનુસાર વિકાસ પ્રવૃતિઓનું નિયંત્રણ કરવું અને વિકાસની પ્રક્રિયામાં સુંદરતા, કાર્યદક્ષતા અને કરકસર લાવવી.

(૧૮) હોસ્પિટલ અને તબીબી સેવાઓ, શાળાઓ, અગ્નિશમન સેવાઓ, જાહેર ઉધાનો, બજારો અને ખરીદ-સ્થળો, રમતગમતના મેદાનો, મનોરંજન વિસ્તારો અને કચરાનો નિકાલ અને ગટર વ્યવસ્થાની જોગવાઇ સહિતની પુરતી નાગરિક સુખસુવિધાઓ અને સેવાઓ માટે જોગવાઇ કરવી અને તે સુનિશ્ચિત કરવુ,

(૧૯) ખાસ કરીને સ્વચ્છતા, સુંદરતા, આરોગ્ય અને આરોગ્ય રક્ષાની સેવાઓ અને નાગરિક સુખસુવિધાઓના ઉચ્ચતમ ધોરણોની જોગવાઇ કરવા અને જાળવવા માટે ટકાઉ વ્યવસ્થા કરવી,

(૨૦) ખાસ મૂડીરોકાણ પ્રદેશના કોઇપણ ભાગમાં કોઇપણ જમીન અને ઇમારત તપાસવી, તેનું નિરિક્ષણ કરવું, પરીક્ષણ અને માપણી કરવી,


(૨૧) નિયમો અને વિનિયમો ધ્વારા ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરવી અને તેવા બીજા કાર્યોનો નિકાલ કરવો,

(૪) (ક) સંબંધિત રાજ્ય અધિનિયમો, નિયમો અથવા રાજ્ય સરકારના કોઇપણ વિદ્યમાન આદેશોમાં ગમે તે મજકુર હોય તે છતાં, પ્રાદેશિક વિકાસ સત્તામંડળ પોતાના સામાન્ય વિકાસ વિનિયમો ઘડી શકશે અને તે ખાસ મૂડીરોકાણ પ્રદેશમાં વિકાસ માટે પ્રવર્તમાન રહેશે.

(ખ) ખાસ મૂડીરોકાણ પ્રદેશમાંની દરેક વ્યકિત, ઘટક અથવા વિકાસકાર અથવા કોઇપણ બીજા મધ્યસ્થીએ કોઇપણ બાંધકામ શરૂ કરતાં પહેલા, પ્રાદેશિક વિકાસ સત્તામંડળ પાસે બાંધકામના નકશા મંજુર કરાવવાના રહેશે અને આવી જગ્યા ઉપર બાંધકામ પુર્ણ થયા પછી અને તેના ઉપયોગ પહેલા તેને જરૂરી અને આનુષંગિક જણાય તેવી પ્રાદેશિક વિકાસ સત્તામંડળની મંજુરી મેળવવી જાઇશે.

(ગ) આ કલમના હેતુ માટે અને ખાસ મૂડીરોકાણ પ્રદેશના યોગ્ય આયોજન, વ્યવસ્થાપન અને વિકાસ માટેની બીજી કોઇ જરૂરીયાત થી, પ્રાદેશિક વિકાસ સત્તામંડળ, ખાસ મૂડીરોકાણ પ્રદેશમાના કોઇ વ્યકિત, એકમ, ઘટક, વિકાસકાર અથવા બીજા કોઇ મધ્યસ્થીને, પોતાને જરૂરી જણાય તેવા આદેશ અથવા સુચનો આપી શકશે અને તે વ્યકિત, એકમ,ઘટક, વિકાસકાર અથવા યથાપ્રસંગ, મધ્યસ્થીને આવા આદેશો બંધનકર્તા રહેશે.

# ૪. અમલીકરણ માળખું




**Formatted:** Font: (Default) Times New Roman, 11 pt, Not Bold, Font color: Auto, Complex Script Font: Shruti, Not Bold, Not Italic

**૪.૧** આગળ જણાવેલ વિગતો મુજબ મુસદ્દારૂપ વિકાસ યોજના, અહેવાલ-૧ અને સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો- અહેવાલ-૨ ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળ માટે તૈયાર કરવામાં આવેલ છે. સાથોસાથ નીચે જણાવેલ બાબતો માટે વિસ્તૃત અભ્યાસની કામગીરી ગુજરાત માળખાકીય વિકાસ બોર્ડ (જીઆઇડીબી) ધ્વારા સોંપવામાં આવેલ છે.

૧. ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ માટે ભૂકંપ સંબંધી સુક્ષ્મ આંદોલનો અંગેનો અભ્યાસ (સીસમોલોજીકલ માઇક્રોઝેનેશન) – ઇન્સ્ટીટ્યુટ ઓફ સીસમોલોજીકલ રીસર્ચ, ગાંધીનગરને સોંપાયેલ છે.

૨. ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ માટે પાણી અંગેની ભેદ્યતા અને પુર નિયંત્રણ અંગેનો અભ્યાસ મે. વાપકોસ ધ્વારા હાથ ધરાયેલ છે.

૩. ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશનાં વિસ્તારોમાં શુધ્ધ પાણીની શક્યતાઓ અને તેનાં સંગ્રહ અંગેની વ્યવસ્થા અને ચકાસણીનો અભ્યાસ વાપકોસ ધ્વારા હાથ ધરાયેલ છે.

૪. ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ માટે પર્યાવરણ પરની અસરો ચકાસણી, અભ્યાસ મે. સેનેસ કન્સલટન્ટ ઇન્ડીયા પ્રાઇવેટ લી., મુંબઇ ધ્વારા કરવામાં આવી રહેલ છે.

૫. ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ માટે ઇન્ફોરમેશન એન્ડ કોમ્યુનીકેશન ટેકનોલોજીનું માસ્ટર પ્લાન તૈયાર કરવાની કામગીરી સીસ્કો સીસટમ્સ બી.વી., નવી દિલ્હીને સોંપવામાં આવેલ છે.

## ૪.૨ મુસદ્દારૂપ વિકાસ યોજના (ડીડીપી)

ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ (ડીએસઆઈઆર) માટે વિકાસ યોજનાના મુસદ્દાનો હેતુ ૨૦૧૦થી ૩૦ વર્ષ સુધીના સમયગાળા માટે ડીએસઆઈઆરના વિસ્તારના વિકાસ / વૃદ્ધિ

Formatted: Justified, Indent: Left: 1.14 cm, Space Before: 3 pt, After: 6 pt

માટે લાંબા ગાળાનું માળખું પ્રસ્થાપિત કરવાનો છે .તેનો મુખ્ય ઉદ્દેશ ડીએસઆઈઆરના ભવિષ્યમાં રસ ધરાવતા બધા જ લોકો, જેમાં કેન્દ્ર અને રાજય સરકારો, જાહેર અને ખાનગી સંસ્થાઓ અને અત્યારે આ વિસ્તારમાં રહેતા લોકો તેમજ નક્કી કરેલા વિસ્તારમાં અને તેની સાથેના આસપાસના વિસ્તારોમાં વસતા જમીનમાલિકોનો સમાવેશ થાય છે, તેમને માટે વિકાસની એક વ્યાપક માર્ગદર્શિકા પૂરી પાડવાનો છે. અહેવાલ – ૧ વિકાસ યોજનાનો મુસદ્દો; ડીએસઆઇઆરની પાશ્ચાદભૂમિકા, સમગ્રતયા ભવિષ્ય દ્રષ્ટિ અને મુળ ઉદ્દેશો અને માહિતી પુરી પાડવાનો છે અને અહેવાલ -૨ તે માટે પૂરક બને છે. અહેવાલ-૨ માં સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો (જનરલ ડેવલપમેન્ટ ક્ન્ટ્રોલ રેગ્યુલેશન – જી ડી સી આર) ની માર્ગ રેખાઓનો સમાવેશ થાય છે. યોજના નવા શહેરો માટે અવકાશકીય (જગ્યાને લગતી) એકંદર ફાળવણી પુરી પાડે છે અને ૩૦ વર્ષની તબક્કાઓની વ્યુહરચના નક્કી કરે છે. જેમાં જમીનના ઉપયોગો, પરિવહન અને મહત્વની માળખાકીય સુવિધાઓ  અને ઉપયોગિતાઓ અને સેવાઓનો સમાવેશ થાય છે.

૪.3 મુસદ્દારૂપ વિકાસ યોજના, અહેવાલ-૧ સાથે અને સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો-અહેવાલ-૨ તૈયાર કરી સર્વોચ્ચ સત્તામંડળ (ગુજરાત માળખાકીય વિકાસ બોર્ડ – જીઆઇડીબી)ને તા.૨૪/૧૨/૨૦૧૦ નાં રોજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જીટીપી એન્ડ યુડી એકટ, ૧૯૭૬) ની કલમ ૯(૧) ની જોગવાઇઓ મુજબ મોકલવામાં આવેલ છે અને તે બાબત જીટીપી એન્ડ યુડી એક્ટ, ૧૯૭૬ ની કલમ ૧૩ હેઠળ અસાધારણ રાજ્યપત્રમાં તા.૦૫/૦૧/૨૦૧૧ ના રોજ અને ત્યારબાદ ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોમાં નોટીસરૂપે પ્રસિધ્ધ કરેલ છે, જેથી અસાધારણ રાજ્યપત્રમાં નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની અંદર કોઇ નાગરિક વિકાસ યોજના સંબંધી તેના વાંધા અથવા સૂચનો લખી જણાવી શકે. ધોલેરા સત્તામંડળે મુસદ્દારૂપ વિકાસ યોજના માટે મળેલ વાંધાઓ, સૂચનો અને રજુઆતો વિચારણામાં લઇ જીટીપી એન્ડ યુડી એક્ટ, ૧૯૭૬ ની કલમ ૧૪ હેઠળ કેટલાક ફેરફારો, જીટીપી એન્ડ યુડી એક્ટ, ૧૯૭૬ ની કલમ ૧૩ હેઠળ પ્રસિધ્ધ કરાયેલ મુસદ્દારૂપ વિકાસ યોજના અને સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો

અહેવાલ – ૨ માં મંજુર કરેલ છે. મુસદ્દારૂપ વિકાસ યોજના અને સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો જીટીપી એન્ડ યુડી એક્ટ-૧૯૭૬ ની કલમ-૧૫ અને ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯ ની કલમ-૧૭ હેઠળ અસાધારણ રાજ્યપત્રમાં તારીખ ૦૫/૦૧/૨૦૧૨ ના રોજ અને ત્યારબાદ ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોમાં નોટીસરૂપે પ્રસિધ્ધ કરેલ છે. જેથી અસાધારણ રાજ્યપત્રમાં નોટીસ પ્રસિધ્ધ થયાની તીરીખથી બે મહિનાની અંદર કોઇ નાગરિક વિકાસ યોજના માં કરાયેલ સૂચિત ફેરફારો સંબંધમાં તેના વાંધા, સૂચનો અથવા રજુઆતો લખી જણાવી શકે. ધોલેરા સત્તામંડળે જીટીપી એન્ડ યુડી એક્ટ -૧૯૭૬ ની કલમ ૧૫ હેઠળ પ્રસિધ્ધ કરાયેલ મુસદ્દારૂપ વિકાસ યોજના માટે મળેલ વાંધાઓ / સૂચનો વિચારણામાં લઇ ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ-૨૦૦૯ ની કલમ ૧૭(૧)(૨) અને જીટીપી એન્ડ યુડી એક્ટ-૧૯૭૬ ની કલમ ૧૬(૧)(૨) હેઠળ સર્વોચ્ચ સત્તામંડળ (ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ –જીઆઇડીબી) ને તારીખ ૩૧/૫/૧૨ ના રોજ મોકલી આપવામાં આવેલ. મુસદ્દારૂપ વિકાસ યોજના સર્વોચ્ચ સત્તામંડળ (જીઆઇડીબી) ધ્વારા મંજુર કરી ગુજરાત સરકારી રાજ્યપત્રમાં તા.૧૦/૯/૧૨ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**૪.૪** મુસદ્દારૂપ વિકાસ યોજનામાં એક સંકલિત અને મહદ્અંશે સ્વનિર્ભર અને ૨૦ લાખ કે તેથી વધુ સુધીની વસ્તી વૃદ્ધિની શક્યતા ધરાવતા નવા શહેરનો વિકાસ કરવાની જોગવાઈ છે. આ વિકાસ યોજનાના મુસદ્દાના દસ્તાવેજમાં રહેલ દીર્ઘદ્રષ્ટિનો સુક્ષ્મ સારાંશ નીચે મુજબ છે.

(i) ઔધોગિક ઉત્કૃષ્ટતા અને આર્થિક પ્રવૃતિ માટેનું વૈશ્વિક કક્ષાનું કેન્દ્ર.

(ii) ઉચ્ચ ગુણવત્તાયુકત માળખું, જોડાણક્ષમતા અને આરામની સવલતો ધરાવતુ શહેર.

(iii) સમાજના બધા વર્ગોને રોજગારી તેમજ રહેઠાણ પુરૂ પાડતો સામાજીક રીતે સંમિશ્રિત અને સંકલિત શહેરી વિસ્તાર.

(iv) પાણી, ઉર્જા અને ખેતીવિષયક જમીન સહિતના અલ્પ સ્ત્રોતોના ઉપયોગ પરત્વે ટકાઉપણાનો અભિગમ અપનાવતું સરક્ષિત પર્યાવરણ.

### ૪.૫ સાતત્યપૂર્ણ અને સુસંગત શહેરી માળખાને નિશ્ચિત કરે અને વિકાસ માટે મજબૂત, લવચિક અને કરકસરયુક્ત તેવી યોજના માટેના ૧૨ અવકાશકીય સિદ્ધાંતોના વિનિયોગ પર વિકાસ યોજનાનો મુસદ્દો આધારિત છે.

Formatted: Heading 3

અવકાશકીય આયોજનના સિદ્ધાંતો આ પ્રમાણે છે

Formatted: Justified, Indent: First line: 1.14 cm, Space Before: 3 pt

- સુગઠિત શહેરનું સર્જન,
- જમીન ઉપયોગોનું સંકલન,
- ઔદ્યોગિક વિસ્તારો સાથે માળખાકીય જોડાણ,
- કેન્દ્રીય દ્રુતગતિ માર્ગ થી શહેરી પ્રવૃત્તિનો મધ્યભાગ દૂર અને દ્રુતગતિ માર્ગ માટે મર્યાદિત પહોંચ,
- ઔદ્યોગિક અને શહેરી ટ્રાફિકનું વિભાજન,
- ઉચ્ચ ગુણવત્તાયુક્ત જાહેર પરિવહન વ્યવસ્થાની જોગવાઈ,
- સંખ્યાબંધ વેપારી અને સામુદાયિક બિન્દુઓ ધરાવતા બહુકેન્દ્રીય માળખાનો વિકાસ,
- હાલનાં ગામોનું નવા શહેર સાથે સંકલન,
- વધુ સારી કૃષિજમીનનું સંવર્ધન,
- દરિયા કિનારા જમીનના નિયંત્રક વિભાગ (સીઆરઝેડ) નું સંરક્ષણ,
- મજબૂત લૅન્ડસ્કેપ વ્યૂહરચનાનો વિકાસ અને
- સતત વધતી રહેતી વૃદ્ધિ માટે વિકાસનો તબક્કાવાર કાર્યક્રમ.

## ૪.૬ કોઠો જમીન ઉપયોગ બજેટ

Formatted: Font: 16 pt, Complex Script Font: 16 pt

Formatted: Font: 16 pt, Bold, Complex Script Font: 16 pt, Bold

| ક્રમ | વ્યાપક જમીન ઉપયોગ વિભાગો | વિસ્તાર (એચ.એ.) | વિકાસક્ષમ વિસ્તારના ટકા | કુલ વિસ્તારના ટકા |
|---|---|---|---|---|
| ૧ | રહેણાંક | ૯૭૮૦.૨૬ | ૧૭% | ૧૦.૬% |
| ૨ | હાઈ એક્સેસ કોરિડોર | ૨૪૬૫.૧૧ | ૪% | ૨.૭% |
| ૩ | સિટી સેન્ટર (શહેરકેન્દ્ર) | ૬૭૯.૦૮ | ૧% | ૦.૭% |
| ૪ | ઔદ્યોગિક | ૧૧૪૫૭.૩૬ | ૨૦% | ૧૨.૫% |
| ૫ | લોજિસ્ટિક્સ | ૨૦૩.૬૪ | ૦% | ૦.૨% |
| ૬ | નોલેજ અને આઈટી | ૧૨૨૯.૯૭ | ૨% | ૧.૩% |
| ૭ | રિક્રીએશન, સ્પોર્ટ્સ અને એન્ટરટેઈનમેન્ટ | ૪૫૦૦.૨૯ | ૮% | ૪.૯% |
| ૮ | પ્રસ્તાવિત રસ્તાઓ | ૨૬૪૪.૫૧ | ૫% | ૨.૯% |
| ૯ | વ્યૂહાત્મક માળખાકીય સુવિધા | ૩૨૩.૩૩ | ૧% | ૦.૪% |
| ૧૦ | જાહેર સુવિધા | ૫૬૨.૧૧ | ૧% | ૦.૬% |
| **એ** | **પેટા સરવાળો (શહેરી ૧ થી ૧૦)** | **૩૩,૮૪૬** | **૬૦%** | **૩૬.૮૦%** |
| ૧૧ | પ્રવાસન-રિસોર્ટ સીઆરઝેડ-૩ | ૩૮૮૮.૮૩ | ૭% | ૪.૨% |
| ૧૨ | ગ્રીન સ્પેસ | ૧૯૬૦.૧૨ | ૩% | ૨.૧% |
| ૧૩ | વિલેજ બફર | ૧૩૨૫.૩૭ | ૨% | ૧.૪% |
| ૧૪ | અત્યારની ગ્રામ વસાહતો | ૪૪૬.૯૨ | ૧% | ૦.૫% |
| ૧૫ | કૃષિ | ૧૨૮૦૪.૧૫ | ૨૩% | ૧૪% |
| ૧૬ | નદીઓ, નહેરો અને બીજાં જળાશયો | ૨૪૬૭.૭૧ | ૪% | ૨.૭% |
| **બી** | **પેટા સરવાળો (બિનશહેરી ૧૧ થી ૧૬)** | **૨૨,૮૯૩** | **૪૦%** | **૨૪.૮૦%** |
| **સી** | **વિકાસક્ષમ વિસ્તાર (એ+બી)** | **૫૬,૭૩૯** | **૧૦૦%** | **૬૧.૭%** |
| ૧૭ | સૌરઊર્જા પાર્ક | ૧૩૪૫.૯૨ | - | ૧.૫% |
| ૧૮ | સી.આર.ઝેડ.૧- હેઠળની જમીન | ૩૩૮૮૫.૨૩ | - | ૩૬.૮% |
| **ડી** | **પેટા સરવાળો સીઆરઝેડ હેઠળની જમીન (૧૭ થી ૧૮)** | **૩૫,૨૩૧** | **-** | **૩૮.૩%** |
| **ઈ** | **સ્થળનો કુલ વિસ્તાર** | **૯૧,૯૭૦** | **-** | **૧૦૦%** |

**૪.૭** મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્તોના અમલીકરણ માટે છ (૬) નગર રચના યોજનાઓ ઘડવા અંગે ધોલેરા સત્તામંડળ ધ્વારા નિર્ણય લેવાયેલ છે. નગર રચના યોજના ૧ થી ૬ બનાવવા, આખરી કરવા, મંજુર અને અમલીકરણની કામગીરી ૪ ટાઉન પ્લાનીંગ કન્સલટન્ટસને સોંપવામાં આવેલ છે. તે માટે ટેન્ડર બહાર પાડી યોગ્ય અને જરૂરી ચકાસણી કરી નવેમ્બર-૨૦૧૦, જાન્યુઆરી-૨૦૧૧ અને ફેબ્રુઆરી-૨૦૧૧ માં કામગીરી સોંપવામાં આવેલ છે. મુસદ્દારૂપ નગર રચના યોજના ૧ થી ૬ નો સુધારેલ અંદાજીત વિસ્તાર નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| મુસદ્દારૂપ નગર રચના યોજના નંબર | અંદાજીત વિસ્તાર | |
|---|---|---|
| | ચો.કી.મી | હેકટર |
| ૧ | ૫૧.૪૦ | ૫૧૪૦ |
| ૨ | ૧૦૨.૩૪ | ૧૦૨૩૪ |
| ૩ | ૬૬.૬૦ | ૬૬૬૦ |
| ૪ | ૬૦.૦૦ | ૬૦૦૦ |
| ૫ | ૭૪.૭૫ | ૭૪૭૫ |
| ૬ | ૬૭.૩૩ | ૬૭૩૩ |
| કુલ | ૪૨૨.૪૨ | ૪૨૨૪૨ |

મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ બનાવવાની પ્રક્રિયામાં મુસદ્દારૂપ નગર રચના યોજના ૧ અને ૨ બનાવવાનો ઇરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (જીટીપી એન્ડ યુડી એક્ટ, ૧૯૭૬) ની કલમ ૪૧(૧) હેઠળ ધોલેરા ઓથોરીટીની બેઠક તા.૨૪/૦૬/૨૦૧૧ માં ઠરાવ નં. ૪/૧૭ થી જાહેર કરવામાં આવેલ અને ઠરાવ્યા મુજબ જમીન માલિકો અને હિત ધરાવતી વ્યકિતઓની બેઠકો / મીટીંગો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ (જીટીપી એન્ડ યુડી રૂલ્સ, ૧૯૭૯) ના નિયમ–૧૭ હેઠળ ઓગષ્ટ-સપ્ટેમ્બર–૨૦૧૧ દરમ્યાન રાખવામાં આવેલ હતી. ત્યારબાદ મુસદ્દારૂપ નગર રચના યોજના ૩ અને ૪ બનાવવાનો ઇરાદો જીટીપી એન્ડ યુડી એક્ટ, ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ ધોલેરા ઓથોરીટી ની બેઠક તા.૨૩/૧૨/૧૧ માં ઠરાવ નં. ૫/૬ થી જાહેર કરવામાં આવેલ અને મુસદ્દારૂપ નગર રચના યોજના ૫ અને ૬ બનાવવાનો ઇરાદો પણ તા.૨૩/૧૨/૨૦૧૧ ના રોજ ઠરાવ નં. ૫/૮ થી જાહેર

કરવામાં આવેલ. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ–૧૭ ની જોગવાઇઓ અનુસાર મુસદ્દારૂપ નગર રચના યોજના ૩ અને ૪ ના જમીન માલિકો અને હિત ધરાવતી વ્યકિતઓની બેઠકો / મીટીંગો ફેબ્રુઆરી-૨૦૧૨ દરમ્યાન અને મુસદ્દારૂપ નગર રચના યોજના ૫ અને ૬ ની બેઠકો / મીટીંગો એપ્રિલ – ૨૦૧૨ દરમ્યાન રાખવામાં આવેલ હતી.

જમીન માલિકો અને હિત ધરાવતી વ્યકિતઓની બેઠકો / મીટીંગોમાં મુસદ્દારૂપ નગર રચના -૧ અને ૨ માટે ૭૬૨, મુસદ્દારૂપ નગર રચના -૩ અને ૪ માટે ૧૨૮ અને મુસદ્દારૂપ નગર રચના -૫ અને ૬ માટે ૪૦૦ વાંધા / સૂચનો મળેલ હતા. તે તમામ વાંધા / સૂચનો ધોલેરા સત્તામંડળ ધ્વારા વિચારણામાં લઇ તેનો ગુણવત્તાનાં ધોરણે મુસદ્દારૂપ વિકાસ યોજનાઓ ૧ થી ૬ ની જીટીપી એન્ડ યુડી રૂલ્સ – ૧૯૭૯ ના રૂલ – ૧૮ હેઠળની પ્રસિધ્ધિમાં સમાવેશ કરવાની મંજુરી આપવામાં આવેલ. તમામ મુસદ્દારૂપ વિકાસ યોજનાઓ ૧થી ૬ ઉપર જણાવ્યા મુજબ કલમ -૪૨(૧) અને નિયમ -૧૮ હેઠળ ગુજરાત સરકારી રાજપત્રમાં યોજનાના મુસદ્દાની પ્રસિધ્ધ કરવામાં આવી અને એમ જાહેર કરવામાં આવ્યુ કે ગુજરાત સરકારી રાજપત્રમાં યોજનાના પ્રસિધ્ધિની તારીખથી એક મહિનાની અંદર આવી યોજનાથી અસર પામેલ કોઇ વ્યકિત આવી યોજના અંગેનાં કોઇ વાંધા સમુચિત સત્તામંડળને લખી જણાવશે તો સમુચિત સત્તામંડળ કલમ -૪૮ હેઠળ રાજ્ય સરકારને યોજનાનો મુસદ્દો સાદર કરતાં પહેલા આવા વાંધા વિચારણામાં લેશે.

| મુસદ્દારૂપ નગર રચના નં. | ગુજરાત સરકારી રાજપત્રમાં જીટીપી એન્ડ યુડી એક્ટ - ૧૯૭૬ની કલમ ૪૨(૧) હેઠળ પ્રસિધ્ધિની તારીખ | મળેલ વાંધા સૂચનોની સંખ્યા | સત્તામંડળની બેઠકોમાં વિચારણામાં લેવાયેલ વાંધા / સૂચનોની વિગત |
|---|---|---|---|
| ૧ અને ૨ | ૨૦.૦૬.૨૦૧૨ | ૧૫૬૩ | ઠરાવ નં. ૭/૪, તા.૦૫.૦૯.૧૨ |
| ૩ અને ૪ | ૧૫.૦૯.૨૦૧૨ | ૩૫૫ | ઠરાવ નં. ૮/૬, તા.૦૨.૦૪.૧૩ |
| ૫ અને ૬ | ૧૫.૦૯.૨૦૧૨ | ૩૯૭ | ઠરાવ નં. ૮/૬, તા.૦૨.૦૪.૧૩ |

મુસદ્દારૂપ વિકાસ યોજનાઓ ૧ થી ૬ સર્વોચ્ચ સત્તામંડળ (જીઆઇડીબી) ને કાયદાકીય સમયમર્યાદાની અંદર જીટીપી એન્ડ યુડી એક્ટ -૧૯૭૬ ની કલમ ૪૮(૧) અને ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૬(૨)(iv) અને ૧૭ હેઠળ મંજુરી માટે મોકલવામાં

આવેલ છે. સર્વોચ્ચ સત્તામંડળ (જીઆઇડીબી) ધ્વારા મુસદ્દારૂપ વિકાસ યોજના ૧ અને ૨ મંજુર કરવામાં આવેલ છે અને તે અસાધારણ સરકારી રાજપત્રમાં તા.૩/૧૦/૨૦૧૨ નાં રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

**૪.૮** નગર રચના યોજનાના ફાયદાઓ

- વિકાસ યોજનાની દરખાસ્તોના અમલીકરણ માટે અસરકારક સાધન
- વિકાસ પ્રવૃતિઓ ઝડપથી આગળ ધપવાની આશા.
- પ્લોટનાં વ્યવસ્થિત આકાર અને બાંધકામ પાત્રતામાં વધારો
- પ્રાદેશિક જોડાણ અને અવર જવરની સરળતામાં વધારો
- વેચાણપાત્ર પ્લોટનાં વેચાણથી નાંણાના સ્ત્રોત ઉભા કરી શકાય.
- મુસદ્દારૂપ નગર રચના યોજના મંજુર થયેથી વિકાસ યોજના નગર રચના યોજનાના રસ્તાઓનો કબજો અને માલિકી સત્તામંડળને વિના જમીન સંપાદન / કિંમતે મળે છે.
- પ્રારંભિક યોજના મંજુર થયેથી જાહેર હેતુ માટેના પ્લોટનો કબજો અને માલિકી સત્તામંડળને વિના જમીન સંપાદન / કિંમતે મળે છે.
- વ્યવસ્થિત આકારનાં પ્લોટ યોગ્ય રસ્તાની સુવિધા સાથે ઉપલબ્ધ થાય છે.
- નગર રચનાનાં ઇતિહાસમાં સૌ પ્રથમ વખત ૫૧ ચો.કી.મી. થી ૧૦૨ ચો.કી.મી વિસ્તારની મોટી નગર રચના યોજના બનાવવામાં આવી રહેલ છે.

## ૫. વર્ષ ૨૦૧૫-૧૬ માં સત્તામંડળ ધ્વારા લેવામાં આવેલ નિર્ણયોની સંક્ષિપ્ત નોંધઃ-

૧. મુસદ્દારૂપ નગર રચના યોજના – ૧ ના ફીઝીકલ સર્વે અને ડીમાર્કેશન માટે કન્સલટન્ટની નિમણુંક કરેલ છે.

૨. ધોલેરા ઓથોરીટીના હાલના જીડીસીઆરમાં કમીટી ધ્વારા સુચવેલ સુધારા વધારા મંજુર કરી એપેક્ષ ઓથોરીટી (જીઆઇડીબી) ને સાદર કરવા બાબત.

૩. ડીએસઆઇઆરડીએના હાલમાં અમલી વિકાસ યોજનામાં કોસ્ટલ રેગ્યુલેશન ઝોનમાં ફેરફાર કરવા બાબત.

## ઓડિટનો અહેવાલ

## ૨૦૧૬ – ૨૦૧૭

## ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર

૧. અમે ૩૧ માર્ચ, ૨૦૧૭ના રોજ ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, સાથે જોડેલ પત્રકનુ ઓડિટ કર્યુ છે. આ નાંણાકિય પત્રકો બોર્ડના મેનેજમેન્ટની જવાબદારી છે. અમારી જવાબદારી અમારા ઓડિટ પર આધારીત આ નાંણાકીય પત્રકો અંગે અભિપ્રાય વ્યક્ત કરવાની છે.

૨. અમે, સામાન્ય રીતે ભારતમા સ્વીકુત ઓડિટ ધોરણો અનુસાર અમારૂ ઓડિટ કર્યુ હતુ. આ ધોરણો મુજબ સામગ્રીની ખોટી રજુઆત થી મુક્ત નાણાકીય પત્રકો છે કે કેમ તેની વ્યાજબી ખાતરી કરવા અમે ઓડિટનુ આયોજન કરીને કામગીરી કરીએ તે જરૂરી બને છે.

૩ અમારી જવાબ્દારી અમે કરેલ ઓડીટ્ના આધારે નાણાંકીય હિસાબો ઉપર અભિપ્રાય આપવાની છે.

અમે, સામાન્ય રીતે ભારતમા સ્વીકુત ઓડિટ ધોરણો અનુસાર અમારૂ ઓડિટ કર્યુ હતુ. આ ધોરણો મુજબ સામગ્રીની ખોટી રજુઆત થી મુક્ત નાણાકીય પત્રકો છે કે કેમ તેની વ્યાજબી ખાતરી કરવા અમે ઓડિટનુ આયોજન કરીને કામગીરી કરીએ તે જરૂરી બને છે.

ઓડીટ એ નાણાંકીય હિસાબોના દર્શાવેલ રકમ અને જોડાણો અંગેના પુરાવા એકઠા કરવાની પ્રકિયા છે, આ અંગેની પ્રકિયા છેતરપીંડી તથા ભૂલો અંગેના જોખમોને ધ્યાનમાં રાખીને ઓડીટરના જજમેન્ટ આધરિત કરવામાં આવે છે. આ જોખમની ચકાસણી કરતી વખતે ઓડીટર દ્વારા ઓથોરીટી દ્વારા બનાવેલ નાણાંકીય હિસાબો તથા તેની રજુઆત યોગ્ય છે કે નહિ. તે ધ્યાનમાં લીધેલ છે. આ ઉપરાંત ઓડિટ કરતી વખતે નાણાંકીય નીતીઓની યોગ્યતાની ચકાસણી તથા મેનેજમેન્ટ દ્વારા લીધે નાણાંકીય અંદાજો તેમજ નાણાંકીય હિસાબોની તમામ રજુઆતો ધ્યાને લેવાયેલ છે.

અમે માનીએ છીએ કે, અમારા દ્વારા એકઠા કરાયેલ ઓડિટ પુરાવા, નાણાંકીય હિસાબ પર ઓડિટ અંગેના અભિપ્રાય માટે પુરતા છે.

૪. વધુમા અમારા અભિપ્રાયો માટે, અમે જણાવીએ છીએ કે,

(ક) અમારા ઓડિટના હેતુ માટે, અમારી શુધ્ધ બુધ્ધિની જાણકારી અને માન્યતા પ્રમાણે જરૂરી તમામ માહિતી અને સ્પષ્ટીકરણ અમને મળ્યા છે.

(ખ) અમારા મતે, આવા હિસાબી ચોપડાના પરીક્ષણ પરથી જણાય છે તેટલા પુરતુ બોર્ડે હિસાબના યોગ્ય ચોપડા રાખ્યા છે.

(ગ) આ અહેવાલમા છણાવટ કરાયેલ સરવૈયા તથા આવક અને ખર્ચના હિસાબ, હિસાબના ચોપડા સાથે સુસંગત છે.

૫. અમારા મતે અને અમારી શુધ્ધ બુધ્ધિ ની માહિતી અને માન્યતા પ્રમાણે, ઉક્ત હિસાબોને નોંધપાત્ર હિસાબી નીતિઓ સાથે વાંચતા, ભારતમા સામાન્યપણે સ્વીકુત હિસાબી પધ્ધતિઓ સાથે સુસંગત રહીને સાચુ અને વ્યાજબી ચિત્ર દર્શાવે છે.

(૧) ૩૧ માર્ચ, ૨૦૧૭ ના રોજ બોર્ડના કામકાજની સ્થિતીના સરવૈયાના કેસમાં,

(૨) તે તારીખે પૂરી થતી મુદત માટે, આવક-ખર્ચના હિસાબોના કેસમાં, આવક કરતા થતા વધુ ખર્ચ અંગેના કેસમાં

સ્થળ – અમદાવાદ ઉર્જિત રાવત એન્ડ કું.
તારીખ - / /૨૦૧૭ ચાર્ટડ એકાઉન્ટન્ટ
(ફર્મ રજીનં.
૧૩૪૨૭૯૬ડબલ્યુ)

સહી
પ્રોપરાઇટર

## ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર

(૨૦૦૯ના ગુજરાત સ્પેશ્યલ ઇનવેસ્ટમેન્ટ અધિનિયમ, કલમ-૮ હેઠળ સ્થાપિત)

## ૩૧ માર્ચ, ૨૦૧૭ ના રોજનું સરવૈયુ

| ફંડ અને જવાબદારીઓ | જોડાણ | ૩૧-૦૩-૨૦૧૭ ની સ્થિતીએ | ૩૧-૦૩-૨૦૧૬ ની સ્થિતીએ | મિલકત અને અસ્ક્યામતો | જોડાણ | ૩૧-૦૩-૨૦૧૭ ની સ્થિતીએ | ૩૧-૦૩-૨૦૧૬ ની સ્થિતીએ |
|---|---|---|---|---|---|---|---|
| <u>મૂડી આવક</u> | ૧ | ૧૯,૫૩૭,૮૨૮ | ૧૯,૫૩૭,૮૨૮ | <u>સ્થાયી અસ્ક્યામતો</u> | ૩ | ૮,૪૧૯,૧૦૪ | ૯,૬૪૮,૮૨૯ |
| <u>ચાલુ જવાબદારીઓ</u> | ૨ | ૧૦,૩૪૨,૬૫૨,૬૭૬ | ૭,૪૦૩,૨૫૧,૧૯૦ | <u>ચાલુ અસ્ક્યામતો</u><br>રોકાણ<br>રોકડ અને | <br>૪<br>૫ | <br>૧૦,૨૬૫,૩૫૧,૦૦૦<br>૧૪,૯૦૩,૯૭૭ | <br>૭,૩૧૧,૨૦૦,૦૦૦<br>૫૭,૯૧૮,૪૨૨ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | બેંકસિલક થાપણો | ૬ | ૬૨,૩૯૭,૭૦૦ | ૩૪,૧૩૨,૭૬૯ |
| | | | | **આવક અને ખર્ચ હિસાબ**<br>ખુલતી સિલક<br>ઉમેરો: ચાલુ વર્ષના આવક કરતા ખર્ચ વધુ | | ૯,૮૮૮,૯૯૮<br>૧,૨૨૯,૭૨૫ | ૮,૨૮૬,૭૫૨<br>૧,૬૦૨,૨૪૬ |
| | | | | કુલ | | ૧૧,૧૧૮,૭૨૩ | ૯,૮૮૮,૯૯૮ |
| કુલ | | ૧૦,૩૬૨,૧૯૦,૫૦૪ | ૭,૪૨૨,૭૮૯,૦૧૮ | | | ૧૦,૩૬૨,૧૯૦,૫૦૪ | ૭,૪૨૨,૭૮૯,૦૧૮ |

હિસાબો અને નોંધપાત્ર હિસાબ નીતિઓ અંગે નોંધો જોડાણ-૧૦ સમાન તારીખના અમારા અહેવાલ.

ઉર્જીત રાવત એન્ડ કં.
ચાર્ટડ એકાઉન્ટન્ટ
(ફર્મ રજીનં. ૧૩૪૨૭૯૬ડબલ્યુ)

ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટ્મેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર વતી,

-----સહી----- -----સહી----- -----સહી----

(ઉર્જિત એચ રાવત)
પ્રોપરાઇટર

(દીપક સુથાર)
હિસાબી અધિકારી

(જયપ્રકાશ શિવહરે.આઇ.એ.એસ)
મુખ્ય કારોબારી અધિકારી

સ્થળ – અમદાવાદ
તા.

સ્થળ – ગાંધીનગર
તા.

## ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર
## (૨૦૦૯ના ગુજરાત સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ અધિનિયમ, કલમ-૮ હેઠળ સ્થાપિત)
### તા.૧ એપ્રિલ ૨૦૧૬ થી તા. ૩૧.માર્ચ.૨૦૧૭ ની મુદત માટે ઉપજ અને ખર્ચ ના હિસાબ

| ખર્ચ | જોડાણ | ૩૧-૦૩-૨૦૧૭ ની સ્થિતીએ | ૩૧-૦૩-૨૦૧૬ ની સ્થિતીએ | આવક | જોડાણ | ૩૧-૦૩-૨૦૧૭ ની સ્થિતીએ | ૩૧-૦૩-૨૦૧૭ની સ્થિતીએ |
|---|---|---|---|---|---|---|---|
| સ્થાપિત ખર્ચ | ૮ | ૧૫,૭૮૬,૪૬૬ | ૧૨,૧૮૯,૭૯૫ | ઉઘરાવેલ ફી | ૭ | ૩૫૨,૮૦૦ | ૧,૪૧૦,૦૧૭ |
| ઘસારો | | ૧,૨૨૯,૭૨૫ | ૧,૬૦૨,૨૪૬ | સહાયક અનુદાન (મહેસુલ) | | ૨૪,૭૧૫,૬૮૬ | ૧૯,૧૮૪,૦૮૭ |
| ઓથોરીટીના ઉદ્દેશો અંગેના ખર્ચ | ૯ | ૯,૨૮૨,૦૨૦ | ૮,૪૦૪,૩૦૯ | આવક કરતા વધુ ખર્ચ સરવૈયા ખાતે તબદિલ કરેલ | | ૧,૨૨૯,૭૨૫ | ૧,૬૦૨,૨૪૬ |
| **કુલ** | | **૨૬,૨૯૮,૨૧૧** | **૨૨,૧૯૬,૩૫૦** | **કુલ** | | **૨૬,૨૯૮,૨૧૧** | **૨૨,૧૯૬,૩૫૦** |

હિસાબો અને નોંધપાત્ર હિસાબ નીતિઓ અંગે નોંધો જોડાણ-૧૦ સમાન તારીખના અમારા અહેવાલ.

ઉર્જિત રાવત એન્ડ કુ.
ચાર્ટડ એકાઉન્ટન્ટ
(ફર્મ રજીનં. ૧૩૪૨૭૯૬ડબલ્યુ)

ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર વતી,.

-----સહી----- -----સહી----- -----સહી----

(ઉર્જિત એચ રાવત) (દીપક સુથાર) (જયપ્રકાશ શિવહરે.આઇ.એ.એસ)
પ્રોપરાઇટર હિસાબી અધિકારી મુખ્ય કારોબારી અધિકારી

સ્થળ: અમદાવાદ સ્થળ: ગાંધીનગર
તારીખ. તારીખ.

## ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર
## (૨૦૦૯ના ગુજરાત સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ અધિનિયમ, કલમ-૮ હેઠળ સ્થાપિત)
## ૨૦૧૬ – ૨૦૧૭
## સરવૈયા ના ભાગરૂપ જોડાણો
## મૂડી આવક

**જોડાણ-૧**

| વિગત | ૧-૦૪-૨૦૧૬ના રોજ ખુલતી સિલક | વર્ષ દરમ્યાન ૨૦૧૬-૧૭ | ૩૧/૦૩/૨૦૧૭ ની સિલક |
|---|---|---|---|
| સહાયક અનુદાન (મિલકત) | ૧૯,૫૩૭,૮૨૮ | - | ૧૯,૫૩૭,૮૨૮ |
| કુલ | ૧૯,૫૩૭,૮૨૮ | - | ૧૯,૫૩૭,૮૨૮ |

**ચાલુ જવાબદારી**

**જોડાણ-૨**

| વિગત | ૩૧/૦૩/૨૦૧૭ | ૩૧/૦૩/૨૦૧૬ |
|---|---|---|
| ગુજરાત સરકાર તરફથી મળેલ સહાયક અનુદાન | | |
| ખુલતી સિલક | ૩૨૦,૦૮૩,૫૮૯ | ૫૫૦,૨૧૫,૩૨૪ |
| **ઉમેરો વર્ષ દરમ્યાન મળેલ** | - | ૫૦,૦૦૦,૦૦૦ |
| **બાદ: ગુજરાત સરકારને પરત કરેલ ગ્રાંન્ટ** | ૨૦૩,૬૮૦,૦૦૦ | - |
| | ૧૧૬,૪૦૩,૫૮૯ | ૬૦૦,૨૧૫,૩૨૪ |
| **બાદ: રૂપાંતરીત** | | |
| **જીઆઇડીસી** | - | ૨૬૦,૦૦૦,૦૦૦ |
| **સહાયક અનુદાન (મહેસૂલ)** | ૨૪,૭૧૫,૬૮૬ | ૧૯,૧૮૪,૦૮૭ |
| **સહાયક અનુદાન (મિલકત)** | - | ૯૪૭,૬૪૮ |
| **કુલ** | **૯૧,૬૮૭,૯૦૩** | **૩૨૦,૦૮૩,૫૮૯** |
| ગુજરાત સરકારને જમીન પરત્વે બાકી ચુક્વણાં | | |
| ડીઆઇસીડીએલ ને રૂપાંતરિત કરેલ જમીન | **૧૦,૨૩૬,૫૩૧,૦૦૦** | **૭,૦૭૩,૭૦૦,૦૦૦** |
| લેણદારો | | |
| ગુજરાત સરકારને ચુકવવાનુ થતુ વ્યાજ | ૧૪,૦૧૮,૭૭૩ | ૮૪,૫૭,૬૦૧ |
| અર્નેસ્ટ મની અનામતો | ૯૦,૦૦૦ | ૬,૮૫,૦૦૦ |
| અન્ય અનામતો | ૫,૦૦૦ | ૫,૦૦૦ |
| પરફોમન્સ બેંક ગેરંટી | ૩૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ |
| સલામત અનામતો | ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ |
| | ૧૪,૪૩૩,૭૭૩ | ૯,૪૬૭,૬૦૧ |
| કુલ | **૧૦,૩૪૨,,૬૫૨,૬૭૬** | **૭,૪૦૩,૨૫૧,૧૯૦** |

## રોકાણ

### જોડાણ-૪

| વિગત | ૩૧/૦૩/૨૦૧૭ | ૩૧/૦૩/૨૦૧૬ |
|---|---|---|
| ડીઆઇસીડીએલ (SPV) આપેલ જમીન ની બદલામાં શેર રોકાણ | ૧૦,૨૩૬,૫૩૧,૦૦૦ | ૭,૦૭૩,૭૦૦,૦૦૦ |
| જીએસએફએસ લિક્વીડ ડીપોઝીટ | ૨૮,૮૨૦,૦૦૦ | ૨૩૭,૫૦૦,૦૦૦ |
| કુલ | ૧૦,૨૬૫,૩૫૧,૦૦૦ | ૭,૩૧૧,૨૦૦,૦૦૦ |

## રોકડ અને બેંક સિલક

### જોડાણ-૫

| વિગત | ૩૧/૦૩/૨૦૧૭ | ૩૧/૦૩/૨૦૧૬ |
|---|---|---|
| રોકડ | - | - |
| બેન્ક બેલેન્સ | | |
| કોર્પોરેશન બેન્ક | ૧૪,૬૯૮,૧૪૦ | ૫૭,૭૨૦,૬૧૭ |
| મહારાષ્ટ્ર બેન્ક | ૨૦૫,૮૩૭ | ૧,૯૭,૮૦૫ |
| કુલ | ૧૪,૯૦૩,૯૭૭ | ૫૭,૯૧૮,૪૨૨ |

## ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ  રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર
## (૨૦૦૯ના ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ અધિનિયમ, કલમ-૮ હેઠળ સ્થાપિત)
## ૨૦૧૫ – ૨૦૧૬

**જોડાણ-૬**

| | ૩૧/૦૩/૨૦૧૭ | ૩૧/૦૩/૨૦૧૬ |
|---|---|---|
| | રૂ. | રૂ. |

પેશગીઓ અને અનામતો

વીજળી અનામત ૩૭,૨૦૦ ૩૭,૨૦૦

પેટ્રોલ અનામત ૨,૫૦૦

૨,૫૦૦

માંડલ બેચરાજી એસઆરડીએ -

૮,૫૯૧,૧૪૯

ડીઆઇસીડીએલ

- ૨,૫૫,૦૧,૯૨૦

વહિવટી અધિકારીને અગાઉથી ચુકવેલખર્ચ પેટેની રકમ ૧૦,૦૦૦ -

સરદાર સરોવર નર્મદા નિગમ લી.

૫૦,૦૦૦,૦૦૦ -

ગુજરાત જળ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી .

૧૨,૩૪૮,૦૦૦ -

કુલ ૬૨,૩૯૭,૭૦૦ ૩૪,૧૩૨,૭૬૯

**જોડાણ -૭**

| **વિગત** | ૩૧/૦૩/૨૦૧૭ | ૩૧/૦૩/૨૦૧૬ |
|---|---|---|
| | રૂ. | રૂ. |

વિકાસ અંગેની ફી (જમીન)

- ૬૯,૧૬૯

પ્રકાશન ફી ૨૯૧,૩૦૦

૪૯૬,૮૫૦

નોધણી ફી ૪૧,૫૦૦

૧૦,૦૦૦

ચકાસણી અને સબ ડિવિઝન ફી

૧૬,૭૭૦ ૫૮૦,૯૭૧

| | | | | |
|---|---|---|---|---|
| ટેન્ડર ફી | | | | |
| - | ૧૫૩,૦૦૦ | | | |
| ઇએમડીની જપ્તી | | | | |
| - | | | ૧૦૦,૦૦૦ | |
| ડી.પી પાર્ટ પ્લાન ફી | | | | |
| ૫૦૦ | ૬,૦૦૦ | | | |
| ટી. પી પાર્ટ પ્લાન ફી | | ૫૦૦ | - | |
| ઝોનીગ સર્ટીફીકેટ ફી | | ૪૦૦ | | |
| ૨,૪૦૦ | | | | |
| એફ ફોર્મ | | ૪૦૦ | ૨,૪૦૦ | |
| નકશા ફી | | ૪૦૦ | | ૪,૪૦૦ |
| પરચુરણ આવક | | | | |
| ૧,૦૩૦ | | | - | |
| કુલ | | | | |
| ૩૫૨,૮૦૦ | ૧,૪૧૦,૦૧૭ | | | |

## ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલોપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર

## (૨૦૦૯ના ગુજરાત સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ અધિનિયમ, કલમ-૮ હેઠળ સ્થાપિત)

આવક-ખર્ચના હિસબોના ભાગરૂપ જોડાણો

જોડાણ-૮

| | ૩૧/૦૩/૨૦૧૭ | ૩૧/૦૩/૨૦૧૬ |
|---|---|---|
| હિસાબી સેવાઓ | ૧,૬૩,૯૬૭, | ૧,૨૧,૬૨૫ |
| જાહેરાતો | ૨૩૭,૪૬૧ | ૯૦૫,૦૪૮ |
| એન્ટીવાયરસ સોફ્ટવેર ચાર્જીસ | ૯,૬૦૦ | - |
| બેંક ચાર્જીસ | ૩,૫૧૦ | ૫,૦૫૧ |
| પુસ્તકો અને સામયિકો | ૨,૬૦૧ | ૧,૮૮૪ |
| વીજળી ખર્ચ | ૩૩૪,૬૩૬ | ૩૪૫,૧૦૦ |
| રિપેરિંગ અને મરમત ખર્ચ – (ઇલેક્ટ્રિક – વસ્તુ) | ૩૬૬,૯૦૧ | ૨૫૨,૧૨૦ |
| મીટીંગ ખર્ચ | ૬૪,૩૭૪ | ૭૦,૧૬૪ |
| કચેરી ખર્ચ | ૨૮,૯૫૪ | ૨૪,૪૯૯ |
| ટપાલ , કુરીયર અને સ્ટેમ્પ ખર્ચ | ૧૫,૪૯૨ | ૧૩,૭૪૯ |
| પ્રોફેશનલ ચાર્જીસ | ૮,૫૬૧,૮૭૦ | ૫,૨૦૩,૯૦૯ |
| મુદ્રણ, લેખન સામગ્રી અને ઝેરોક્ષ ખર્ચ | ૨૩૦,૨૪૨ | ૨૮૮,૯૭૫ |
| પગાર | ૨,૫૨૪,૬૯૦ | ૨,૪૬૨,૫૦૨ |
| ટેલિફોન ખર્ચ | ૩૬,૨૪૫ | ૪૩,૧૮૧ |
| પ્રવાસ ભથ્થુ | - | ૫૭૦ |
| પ્રવાસ ભથ્થુ (જી.ઓ) | ૪,૮૪૮ | ૬,૭૭૮ |
| પ્રવાસ ખર્ચ | ૧,૧૩૨,૧૮૮ | ૩૫૭,૯૨૦ |
| વાહન ખર્ચ | ૯૦,૦૭૧ | ૭૭,૫૭૫ |
| વાહન ભાડા ખર્ચ | - | ૩૭,૪૦૮ |
| વાહન તથા અન્ય વીમા ખર્ચ | ૪૦,૮૧૭ | ૩૯,૧૨૬ |
| પ્રક્રીયા ચાર્જીસ | ૫૦,૦૦૦ | - |
| વેજીસ | ૬૭૪,૦૨૭ | ૮૪૮,૮૨૨ |
| સલામતિ ચાર્જ | ૬૭૫,૧૦૫ | ૬૩૮,૮૩૩ |
| ઓડિટ ફી | - | ૭૫,૨૪૦ |
| મ્યુન્સીપલ વેરો | ૧૪,૨૮૮ | ૨૩,૮૬૫ |
| નોધણી ફી ની પરત કરેલ રકમ | - | - |

| | | |
|---|---|---|
| વેબ ડેવલોપમેન્ટ ઇન્ટરનેટ ખર્ચ | ૨૮૧,૯૭૯ | ૨૬૯,૦૫૧ |
| ભાડા ખર્ચ | ૨૧૭,૬૦૦ | ૭૬,૮૦૦ |
| વહિવટ અને પ્રક્રીયા ફી | ૨૫,૦૦૦ | - |
| કુલ | ૧૫,૭૮૬,૪૬૬ | ૧૨,૧૮૯,૭૯૫ |

જોડાણ-૯

ઓથોરીટી ના ઉદ્દેશ અર્થે કરેલ ખર્ચ

૩૧/૦૩/૨૦૧૭ ૩૧/૦૩/૨૦૧૬

| | | |
|---|---|---|
| ડીપી/ટીપી ના ઉદ્દેશ અર્થે કરેલ ખર્ચ | | - |
| ટીપીઓ સ્ટાફને ચુકવેલ મહેનતાણુ | ૩૪૫,૬૬૭ | ૨,૧૫૬,૭૯૭ |
| ટીપીઓ ઓફીસ ખર્ચ | ૮૬,૫૭૩ | - |
| સર્વેય અને અભ્યાસ અને પ્રવાસ ખર્ચ | ૮,૮૪૯,૭૮૦ | ૬,૨૪૭,૫૧૨ |
| કુલ | ૯,૨૮૨,૦૨૦ | ૮,૪૦૪,૩૦૯ |

<u>જોડાણ૩-:</u>

<u>સ્થાયી અસ્ક્યામતો</u>

| ક્રમાંક | વિગત | ૦૧/૦૪/૨૦૧૬ નાં રોજ | બ્લોક ચાલુ વર્ષ દરમ્યાન વધારો | કુલ | કુલ ઘસારો નાણાકીય વર્ષ૨૦૧૬-૧૭ દરમ્યાન | અંતનો બ્લોક ૩૧/૦૩/૨૦૧૭ |
|---|---|---|---|---|---|---|
| અ | જમીન તથા મકાન | | | | | |
| ૧ | કચેરી મકાન | ૪,૫૧૦,૩૧૬ | - | ૪,૫૧૦,૩૧૬ | ૪૫૧,૦૩૨ | ૪,૦૫૯,૨૮૪ |
| | ટોટલ | ૪,૫૧૦,૩૧૬ | - | ૪,૫૧૦,૩૧૬ | ૪૫૧,૦૩૨ | ૪,૦૫૯,૨૮૪ |
| બ | કોમપ્યુટર, પ્રિન્ટર, સ્કેનર, લેપટોપ | | - | | | |
| ૧ | કોમપ્યુટર | ૧૯૯,૨૭૫ | - | ૧૯૯,૨૭૫ | ૧૧૯,૫૬૫ | ૭૯,૭૧૦ |
| ૨ | જીએસવાન કનેકશન | ૨,૦૧૩ | | ૨,૦૧૩ | ૧,૨૦૮ | ૮૦૫ |
| ૩ | લેપટોપ | ૫૫૪ | - | ૫૫૪ | ૩૩૨, | ૨૨૨ |
| ૪ | પ્રિન્ટર | ૧૮૩,૪૬૨ | | ૧૮૩,૪૬૨ | ૧૧૦,૦૭૭ | ૭૩,૩૮૫ |
| ૫ | સોફ્ટવેર | ૪૬,૮૬૦ | - | ૪૬,૮૬૦ | ૨૮,૧૧૬ | ૧૮,૭૪૪ |
| | ટોટલ બ - | **૪૩૨,૧૬૩** | | **૪૩૨,૧૬૩** | **૨૫૯,,૨૯૮** | **૧૭૨,૮૬૬** |
| ક | ફર્નિચર | | - | | | |
| ૧ | કચેરી ફર્નિચર | ૨,૩૫૫,૪૩૫ | | ૨,૩૫૫,૪૩૫ | ૨૩૫,૫૪૪ | ૨,૧૧૯,૮૯૨ |
| ૨ | ટીપીઓ ઓફીસ ફર્નિચર | ૧,૩૭૫,૬૯૪ | - | ૧,૩૭૫,૬૯૪ | ૧૩૭,૫૬૯ | ૧,૨૩૮,૧૨૫ |
| | ટોટલ-ક | ૩,૭૩૧,૧૨૯ | | ૩,૭૩૧,૧૨૯ | ૩૭૩,૧૧૩ | ૩,૩૫૮,૦૧૬ |
| ડ | કચેરી સામાન | | - | | | |
| ૧ | એસી. | ૩૮૦,૨૪૮ | - | ૩૮૦,૨૪૮ | ૫૭,૦૩૭ | ૩૨૩,૨૧૧ |
| ૨ | કોપીયર મશીન | ૧૩૧,૯૭૪ | - | ૧૩૧,૯૭૪ | ૧૯,૭૯૬ | ૧૧૨,૧૭૮ |
| ૩ | ડેટા કાર્ડ | ૨,૦૫૨ | - | ૨,૦૫૨ | ૩૦૮ | ૧,૭૪૪ |
| ૪ | ડીજીટલ કેમેરા | ૨,૪૦૬ | - | ૨,૪૦૬ | ૩૬૧ | ૨,૦૪૫ |
| ૫ | ઇપીબીએકસ સીસ્ટમ | ૯૬,૨૩૮ | - | ૯૬,૨૩૮ | ૧૪,૪૩૬ | ૮૧,૮૦૨ |
| ૬ | ફેકસ મશીન | ૫,૮૮૦ | - | ૫,૮૮૦ | ૮૮૨ | ૪,૯૯૮ |
| ૭ | મલ્ટી મીડીયા પ્રોજેક્ટર | ૭૫,૭૫૫ | - | ૭૫,૭૫૫ | ૧૧,૩૬૩ | ૬૪,૩૯૨ |
| ૮ | પ્રોજેકટર સીસ્ટમ | ૭,૩૬૯ | - | ૭,૩૬૯ | ૧,૧૦૫ | ૬,૨૬૪ |
| ૯ | આર ઓ પ્લાન્ટ | ૨૭,૮૫૪ | - | ૨૭,૮૫૪ | ૪,૧૭૮ | ૨૩,૬૭૭ |
| ૧૦ | સુમો કાર | ૨૩૧,૧૨૯ | | ૨૩૧,૧૨૯ | ૩૪,૬૬૯ | ૧૯૬,૪૬૦ |
| ૧૧ | વોટર કુલર | ૧૪,૩૧૫ | - | ૧૪,૩૧૫ | ૨,૧૪૭ | ૧૨,૧૬૮ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ટોટલ ડ - | ૯૭૫,૨૨૦ | - | ૯૭૫,૨૨૦ | ૧૪૬,૨૮૩ | ૮૨૮,૯૩૮ |
| | કુલ(ડ+ક+બ+અ) | ૯,૬૪૮,૮૨૮ | - | ૯,૬૪૮,૮૨૮ | ૧,૨૨૯,૭૨૫ | ૮,૪૧૯,૧૦૫ |
| | પાછળનુ વર્ષ | ૧૦,૩૦૩,૪૨૭ | | ૧૦,૩૦૩,૪૨૭ | ૧,૬૦૨,૨૪૮ | ૮,૭૦૧,૧૭૯ |

# ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર
# નાણાંકીય વર્ષ ૩૧ માર્ચ ૨૦૧૭ અંતિત બેલેન્સ શીટ ના જોડાણો
# જોડાણ ૧૦: નોધપાત્ર હિસાબ વિષયક નીતીઓ તથા હિસાબો અંગેની નોંધ

**જોડાણ-૧૦**

(અ) નોંધપાત્ર હિસાબ વિષયક નીતિઓ

(૧) નાણાકીય પત્રકો તૈયાર કરવાનો આધાર

(અ) નાણાકીય પત્રકો તૈયાર કરવાનો આધાર ભારતમા સામાન્યપણે સ્વીકૃત હિસાબી સિધ્ધાંતો મુજબ ઐતિહાસીક સમજુતી હેઠળ નાણાકીય પત્રકો તૈયાર કરવામા આવ્યા છે.

(બ) મંજુર અને ચુકવણુ થયેલ ખર્ચને આધારે ખર્ચ હિસાબોમાં લેવાયેલ છે.

(૨) **અંદાજો:**

નાણાકિય હિસાબો સામાન્યપણે સ્વીકૃત કરાયેલ હિસાબો સિધ્ધાંતોને આધારે બનાવેલ છે. કે જેમાં ચાલુ સમયગાળામાં દર્શાવેલ આવકો અને ખર્ચમાં અંદાજો અને ધારણાઓની અસર આપવાની રહે છે. સત્ય પરિણામો તથા અંદાજો વચ્ચેના તફાવત જયારે માલુમ જણાશે અને ભૌતિક અસર માલુમ પડશે ત્યારે કરવામાં આવશે.

(૩) ખાસ ઉલ્લેખ કરાયેલ ન કરાયેલ હિસાબી નીતી, સામાન્યપણે સ્વીકૃત હિસાબી નીતીઓ સાથે સુસંગત છે.

(૪) ઓથોરિટી દ્વારા સ્વીકારવામા આવેલ હિસાબી અસરોમા સહાયક અનુદાન હેઠળ મળતી તમામ રકમ જવાબદારી તરીકે સ્વીકારવામા આવે છે. ત્યાર બાદ કરવામા આવતા મહેસુલી ખર્ચ જેટલી રકમ સહાયક અનુદાન(મહેસુલી) અથવા સહાયક અનુદાન(અસ્ક્યામત) ખાતે તબદીલ કરી આ સમયગાળા ના આવક અને ખર્ચના હિસાબમા મહેસુલી આવક તરીકે અથવા નાણાકીય સમયગાળાના અંતે સરવૈયામા મુડી આવક તરીકે દર્શાવેલ છે.

(બ) **હિસાબો અંગેની નોંધો:**

(૧) ૨૦૦૯ ના ગુજરાત સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ કાયદા ની જોગવાઇઓ અન્વયે રચાયેલા ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી ને ૧૬, ફેબ્રુઆરી ૨૦૧૦ ના જાહેરનામા નં. જીએચયુ/૧૦/૦૭/એસઆઇઆર/૮૧૪૫/આઇ અન્વયે સ્થાપિત કરેલ જાહેરાત કરી હતી.

(૨) મુખ્ય કારોબારી અધિકારીના મતઅનુસાર તથા તેમની જાણ અનુસાર રોકાણો, અનામતો તથા જવાબદારીઓ, બેલેન્સ શીટમાં દર્શાવેલ રકમથી ઓછા નથી.

(૩) મહેસુલ વિભાગ ગુજરાત સર્કાર દ્વારા જી.આર.નંબર જીએમએન/ઇન્ડસ્ટ્રી/૧૬૧૦/૪૦૩૩/એ.૧ તારીખ ૧૨/૦૧/૨૦૧૧ થી ૨૮૫૦૨-૮૯-૪૦ હેકટર – આરો- સ્કવેરમીટર જમીન ડીએસઆઇઆરડીએ ને તબદીલ કરેલ છે. ખાણ અને ખનીજ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જી.આર.નંબર એસઆઇઆર-૧૧૨૦૧૨૫-૨૩-આઇ તારીખ ૦૩/૦૬/૨૦૧૫ થી ડીએસઆઇઆરડીએ ને ૫૨૦૫ હેકટર જમીન ડીઆઇસીડીએલ ને રાજય સરકારના કમીટી દ્વારા નકકી કરેલ ભાવ મુજબ ટ્રાન્સફર કરવાની સતા આપેલ છે.

ઉપરોકત મુજબ, ડીએસઆઇઆરડીએ દ્વારા ૫૨૦૫ હેકટર પૈકી ૧૧૭૮-૯૫-૦૦ હેકટર જમીન માટે તારીખ ૦૧/૦૨/૨૦૧૬ ના રોજ ધોલેરા ઇન્ડસ્ટ્રીયલ સીટી ડેવલોપમેન્ટ લીમીટેડ ની તરફેણમાં કરારખત કરેલ છે. આ ખાસ હેતુ માટે બનાવેલ કંપની ધોલેરા એસઆઇઆરની વિકાસ માટે પ્રોજેકટ ડેવલોપમેન્ટની કામ માટે બનાવેલ છે. ધોલેરાની સબ રજીસ્ટારની ઓફીસમાં ગામ /સર્વે નંબર મુજબ છે. કરારખત કરવામાં આવેલ છે.

આથી, ૧૧૭૮-૯૫ હેકટરની જમીન કે જે કરારખત દ્વારા ડીઆઇસીડીએલને તબદીલ કરાયેલ છે. તે ડીએસઆઇઆરડીએ ના હિસાબોમાં શેરમુડી રોકાણોમાં દર્શાવેલ છે. અને પાકાસરવૈયા ની અન્ય બાજુ જે રકમ ગુજરાત સરકારને ચુકાવવાની છે.તે દર્શાવેલ છે.

૪. લેણદારો/ દેવાદારોની બાકી લેણા/દેવા તેમના ખાતરી, સમાધાન તથા અન્ય ગોઠવણને આધારીત છે.

૫. આંકડાઓને તેમના નજીકના રકમમાં રાઉન્ડઓફ કરેલ છે.

૬ ગત વર્ષના આંકડાઓને જો યોગ્ય લાગે તો પુનવર્ગીકરણ કરેલ છે.

ઉર્જિત રાવત એન્ડ કુ.
ચાર્ટડ એકાઉન્ટન્ટ

ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ
ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર વતી

-----સહી----- -----સહી-----
-----સહી----
(ઉર્જિત રાવત & કં) (દીપક સુથાર)
(જયપ્રકાશ શિવહરે.આઇ.એ.એસ)
પ્રોપરાઇટર હિસાબી અધિકારી મુખ્ય કારોબારી
અધિકારી

સ્થળ: અમદાવાદ સ્થળ: ગાંધીનગર
તારીખ. તારીખ.

ધોલેરા સ્પેશ્યલ ઇનવેસ્ટ્મેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર

ઓડિટરની ટીકા ટીપ્પણ / અહેવાલો – ૨૦૧૬-૨૦૧૭ અંગે સ્પષ્ટીકરણ

| ક્રમ | ટીકા ટીપ્પણ / અહેવાલો | સ્પષ્ટીકરણ |
|---|---|---|
| ૧ | અમે ૩૧ માર્ચ, ૨૦૧૭ ના રોજ ધોલેરા સ્પેશ્યલ ઇનવેસ્ટ્મેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગરના સરવૈયા તથા તે જ તારીખે પૂરી થતી મુદત માટેના તેની સાથે જોડાયેલ ઉપજ અને ખર્ચના હિસાબોનુ ઓડિટ કર્યુ છે. આ નાણાકીય પત્રકો બોર્ડના મેનેજમેન્ટની જવાબદારી છે. અમારી જવાબદારી અમારા ઓડિટ પર આધારીત આ નાણાકીય પત્રકો અંગે અભિપ્રાય વ્યક્ત કરવાની છે. | હકિકતોનુ પત્રક અને તેથી કોઇ ટીકા ટીપ્પણ નથી. |
| ૨ | અમે, સામાન્ય રીતે ભારતમાં સ્વીકૃત ઓડિટ ધોરણો અનુસાર અમારુ ઓડિટ કર્યુ છે. આ ધોરણો અનુસાર, નાણાકીય પત્રકો સામગ્રીની ખોટી રજૂઆતથી મુક્ત છે કે કેમ તે અંગે વ્યાજબી ખાતરી કરવા અમે ઓડિટનું આયોજન કરીને કામગીરી કરીએ તે જરૂરી છે. ઓડિટમાં રકમોનું સમર્થન કરતા પુરાવા, ચકાસણીના ધોરણે પરીક્ષણ કરવાનો અને નાણાકીય પત્રકોમાં તે જાહેર કરવાનો સમાવેશ થાય છે. ઓડિટમાં મેનેજમેન્ટ દ્વારા વાપરેલ હિસાબી સિધ્ધાંતો અને કરેલા નોંધપાત્ર અંદાજોની આકારણી કરવાનો તેમજ એકંદર નાણાકીય પત્રકોની રજૂઆત નુ મૂલ્યાકન કરવાનો સમાવેશ થાય છે. અમે માનીએ છીએ કે, અમારુ ઓડિટ અમારા માટે વાજબી આધાર પુરો પાડે છે. | હકિકતોનુ પત્રક અને તેથી કોઇ ટીકા ટીપ્પણ નથી. |
| ૩ | અમારી ટીકા – ટીપ્પણમા અમે જાહેર કરીએ છીએ કે -- | હકિકતોનુ પત્રક અને તેથી કોઇ ટીકા ટીપ્પણ નથી. |
| ક | અમારી શુધ્ધ બુધ્ધિની જાણકારી અને માન્યતા પ્રમાણે જરૂરી તમામ માહિતી અને સ્પષ્ટીકરણ અમે મેળવ્યા છે. | |

| | | |
|---|---|---|
| ખ | અમારા મતે, આવા હિસાબી ચોપડા પરથી જણાય છે તે પ્રમાણે હિસાબના યોગ્ય ચોપડા જાળવવામા આવ્યા છે. | |
| ગ | આ અહેવાલમા છણાવટ કરાયેલ સરવૈ તથા આવક અને ખર્ચના હિસાબ, હિસાબના ચોપડા સાથે સુસંગત છે. | |
| ૪ | અમારા મતે અને અમારી સુધ્ધ બુધ્ધિની માહિતી અને માન્યતા પ્રમાણે, ઉક્ત હિસાબો, નોંધપાત્ર હિસાબી નીતિઓ સાથે વાંચતા, ભારતમાં સામાન્યપણે સ્વીકૃત હિસાબી સિધ્ધાંતો સાથે સુસંગત છે. | હકિકતોનુ પત્રક અને તેથી કોઇ ટીકા ટીપ્પણ નથી. |
| ૧ | ૩૧ માર્ચ, ૨૦૧૭ ના રોજ બોર્ડના કામજની સ્થિતિના સરવૈયાના કેસમાં | હકિકતોનુ પત્રક અને તેથી કોઇ ટીકા ટીપ્પણ નથી. |
| ૨ | તે તારીખે પુરી થતી મુદ્દત માટે વધુ પડતા ખર્ચ અંગે આવક અને ખર્ચના હિસાબના કેસમા | |